વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૪ : અંક - ૦૫ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : માર્ચ - ૦૬, ૨૦૧૫

# 'રૂડી'નાં તો 'રૂડા' વાના

રૂડીકંપની ૧૦ વર્ષની થઇ અને તેની ઉજવણીમાં જિલ્લાઓના રૂડીબહેનો જોડાયા. આ પ્રસંગે રૂડીબહેનોના કામના લેખા-જોખા થયા અને ઈલાબેનના હાથે એવૉર્ડથી પોંખાયા. દસ વર્ષની ઉત્કૃષ્ટ કામગીરી બદલ પહેલો નંબર સુરેન્દ્રનગર જિલ્લાના સુરેન્દ્રનગર મહિલા અને બાળવિકાસ મંડળને મળ્યો. જેમાં ઇનામરૂપે ૨૫,૦૦૧/-નો ચેક અને પ્રમાણપત્ર મળ્યું. ૧૯ ડિસે.૨૦૦૭, આણંદ જિલ્લામાં શરૂ થયેલ ખેડા જિલ્લા સ્વાશ્રયી એસોસિએશનને બીજા નંબરનું ઇનામ મળ્યું. તેનું કુલ વેચાણ ૨,૮૯,૭૪,૦૭૩ રૂપિયા થયું. ૧૫૦૦૧/-નો ચેક અને પ્રમાણપત્ર મળ્યું છે. ત્રીજો નંબર સાબરકાંઠાનો રહ્યો. કુલ વેચાણ ૨,૫૮,૧૧,૪૮૧/-રૂ. થયું છે. ૩૬૨ સભ્યો જોડાયેલા છે. રૂા. ૧૧,૦૦૧/-નો ચેક અને પ્રમાણપત્ર મળ્યું.










**સુરેન્દ્રનગર મહિલા અને બાળવિકાસ મંડળ** **ખેડા જિલ્લા સ્વાશ્રયી એસોસિએશન** **સ્વાશ્રયી મહિલા ખેડૂમંડળ-સાબરકાંઠા**

૧૦ વર્ષની રૂડીબહેનોની મહેનત રંગ લાવી છે. હાલ, જિલ્લાઓમાં ૨૦,૫૭૨ રૂડીબહેનો કામ કરી રહ્યા છે અને એક બહેન રૂા. ૫૦૦૦/-થી રૂા. ૨૫,૦૦૦/- સુધીની આવક મેળવી લે છે. હવે, આ સીમાંત ખેડૂબહેનો સીધા માર્કેટ સાથે જોડાઇ ગયા છે. આખા વર્ષમાં રૂડીબહેનો રૂા. ૧,૧૩,૮૨,૨૭૨/-ની આવક થઇ છે.

આણંદના ચોખા, બોડેલીની તુવેરદાળ, ગાંધીનગરનું મરચું, કચ્છની મગદાળ, સુરેન્દ્રનગરનું મીઠું અને જીરૂ આ બધું જ એક સાથે એક ગાંઠડીમાં બંધાય અને ગુજરાતના ગામે-ગામના બહેનોના રસોડે ઘરબેઠા પહોંચી જાય છે. સુરેન્દ્રનગરની બહેન બોડેલીની તુવેરદાળ વાપરે તો વળી આણંદના ચોખા કચ્છની બહેનોના રસોડે રંધાય, ગાંધીનગરનું મરચું સુરેન્દ્રનગરના મીઠા જોડે ભળી જાય,

અને ગામે-ગામના રસોડામાં આ સીમાંત ખેડૂતોની ઉત્પાદકીય વસ્તુઓથી બનતા ભોજનથી માત્ર પેટની ભૂખથી જ તૃપ્ત ના થવાય પણ સાથે-સાથે મનને પણ શાંતિ મળે. નાના-સીમાંત ખેડૂતોનું ઉત્પાદન સીધું બજારમાં પહોંચે અને ઉત્પાદક જ વેપારી બને ત્યારે જ તો ઉત્પાદનનો ભાવ મળે ને ! ગામનો પૈસો ગામમાં ફરે ને રોજગારીની તક ઊભી થાય.

ગુજરાતના ગામડાંઓમાં નાના અને સીમાંત ખેડૂતોની ખેતી તો ઓછી હોય, અને એ પણ કુદરત પર આધારિત. જેટલો પાક થાય એટલો વેચવો તો પડે ને તો જ આવક થાય. હવે, આ માલ ખરીદવા મોટા વેપારીઓ પર આધાર રાખવો પડે, એમના તો મોઢા મોટા અને ખિસ્સા નાના. ખેડૂતોને એમના ઉત્પાદનના ભાવ તો મળે નહીં. નાના ખેડુતો તો નાના જ રહે અને દેવાના ખપ્પરમાં હોમાયા કરે. આ પરિસ્થિતિને નાથવા આજથી ૧૦ વર્ષ પહેલાં ૮ ડિસેમ્બર-૨૦૦૪થી સાબરકાંઠા જિલ્લાના અણીયોર ગામમાં રૂડી કંપનીની શરુઆત થઇ. ગામનો રૂપિયો ગામમાં જ ફરે અને સભ્યોને સોંઘુ અનાજ મળે તો ખેડૂબહેનોને ઉત્પાદનના સારા ભાવ મળે, ચોખ્ખી વસ્તુ ખાવા મળે આનાથી તો વળી રૂડું શું ! આ રૂડું કામ કરવા ગામે-ગામના રૂડીબહેનોની ફૌજ તૈયાર થઇ ગઇ. પહેલાં તો માત્ર સુરેન્દ્રનગરનું જીરૂ, મરી-મસાલા જ વેચાતા હતા. એ બહેનો ખરીદતા. બીજી વસ્તુઓની ખરીદી માટે ગામની સ્થાનિક દુકાનમાં જાય એટલે દુકાનના વેપારી ટોણો મારે અને કહે, ‘કેમ, અનાજ અને કઠોળ અમારી પાસે લેવા આવો છો ? તમારી રૂડીબેન પાસેથી જ બધું માંગો ને ? બહેનોને આવી વાતોથી દુઃખ લાગતું અને એની ચર્ચા રૂડીમંડળમાં થવા માંડી. આનો ઉપાય તો કરવો જ પડે ને!

એકવાર ચર્ચા શરું થાય એટલે એ તો ગામે-ગામ પહોંચે, જિલ્લાઓમાં પહોંચે. અને એના ઉપાય પણ સૂઝવા જ માંડે. આણંદની બહેનો કહે, અમારાં ચોખા છે ને, તો બોડેલીની ખેડૂબહેનો બોલ્યા, અમારાં ખેતરમાં તુવેરની દાળ થાય છે, કચ્છની બહેનોએ એમની મગની દાળ આગળ કરી અને રૂડીબહેનોની ફરતી દુકાન તો વધુ મોટી થઇ ગઇ. એક પોટકીમાં બંધાતી વસ્તુઓ હવે તો પાંચસો, ૧ કિલો, ૨ કિલોની કીટમાં તૈયાર થવા માંડી. શરુઆતમાં માર્કેટીંગ અઘરું તો પડે જ ને ! કોઇ વિશ્વાસ પણ ના કરે.

સુરેન્દ્રનગરના રૂડીબેન સૂર્યાબા વી. જાડેજાએ બોલ્યા, હું દરબાર સમાજમાંથી આવું છું. અમારે તો બાયુ ને ઘરની બહારે ય જવા ન દે. તે પછી હુ તો રૂડી હારે જોડાઇ તો મને કીધું કે આ રૂડીના પેકેટનું વેચાણ તમારે કરવાનું છે. મેં તો પેકેટ તો લીધા પણ પછી વેચી ના હકી કેમ કે ઇ તો માથે ઉપાડીને ઘરે ઘરે જઇને વેચવાના હોય તો મને તો બહું શરમ લાગી. તો મેં એ પેકેટ અમારા ઘરની બહારની દુકાનમાં આપીને ઘરે આવી ગઇ. પછી વિચાર્યું કે લાવને વેચવાનું કામ કરું ને નાના પેકેટ લઇને વેચવાની શરૂઆત કરી. ને હવે તો ગામની બહેનોને ઘરે બેઠા જ સામાન મળી જાય છે. આજે હું મહિનાની રૂા. ૨.૫ લાખનું રૂડીનું વેચાણ કરું છું ને રૂા. ૨૦,૦૦૦/-થી ૨૫,૦૦૦/- કમાઉં છું.

ગાંધીનગર જીલ્લાના લીલાબેન ઠાકોર કહે કે હું તો ‘સેવા’માં જોડાઇ ત્યારથી ‘સેવા’નું કામ કરું છું. ને રૂડીનું કામ પણ કરું છું. ગાંધીનગર જિલ્લાના ગામોમાં જઇને વેચાણ કરું છું. ૫૦ ગ્રામથી લઇને ૧ કિલોના પેકેટ લઇને વેચું છું. અને લોકોને કહું છું કે અમારી રૂડી બધી વસ્તુઓ સાફ સુથરી અને વજનમાં પણ જોવું ના પડે તેમ સમજાઉ પણ સમજાવું છું.

સાબરકાઠાંનાં વસંતીબેને તેમને પડેલી કઠણાઇઓની વાતની શરૂઆત કરી. બુન, શું વાત કરું, અરવલ્લીના ગામડાઓમાં જઇને પેકેટના થેલા માથે લઇને ઉઘાડા પગે જાઉ તો મને તો બહું કઠણ પડયું. પસ તો મને એક તાલીમ મળી ને હું વેચાણ કરતી થઇ ગઇ. આણંદમાં એક મીટિંગ હતી. તેમાં હું ગઇ ને ત્યાં તો આણંદના બેનો માટે બહું તાળીઓ પડી, તે મને થયું કે મારા જિલ્લા માટે પણ આવી જ તાળીઓ પડવી પડે. મારા ગામમાં મેં ગ્રામપંચાયત, નિશાળના આચાર્ય બધાંને હાજર રાખી મીટિંગ ભરી. મેં રૂડીની સમજ આપી. આપણાં ગામનાં ખેડૂતો અને એવા જ બીજા ગામોને જિલ્લાના ખેડૂતોનું પકવેલું અનાજ છે, એને અમારાં જેવી ગામની બહેનો સાફ કરે ને પેકેટમાં પેક કરે. આ આપણે ગલ્લેથી ખુલ્લુ અનાજ લઇએ. ત્યાં કેટલા ય લોકો આવે, કોઇ ખાંસે ને કોઇ થુકે, કોઇને ટીબી પણ થયો હોય. આ બધા જંતુઓ આપણા ખરીદેલા અનાજ ઉપર બેસે, મહેનત કરીને ખાઇએ તો ય પછી બીમારી ઘર કરે. તો આ મારું ‘રૂડી’નું અનાજ પેકીંગમાં ચોખ્ખુ, વીણેલું ને માર્કાવાળું કોઇ જીવજંતુનો ભય નહીં ને આપણા જ ખેડૂતોનું પકવેલું.

મારું સાંભળીને સરપંચને આચાર્ય બધા યે ઊભા થઇને તાળીઓ પાડી.

હવે તો હું યે એક એક ગામમાં રૂા. ૫૦,૦૦૦/-નું વેચાણ કરી શકું છું.

સાડીનો છેડો સરખો કરતા કચ્છના પ્રેમબા સોઢા બોલ્યા, ‘આ કામમાં જોડાઇ ત્યારે ગામમાં જાતી તો બધાં લોકો મને કહે કે તમે તો રસ્તે ફેંકેલો માલ લઇને અહીં વેચવા આવો છો. બધા મારો વિરોધ કરતાં હતાં. ને મને ય તે મારા ગામમાં થોડી બીક લાગતી’તી. પણ હવે તો હું જરા ય ડર્યા વિના ગામમાં વેચાણ કરવા જાઉં છું ને જો કોઇ કાંઇ પણ કહે તો ખીચામાંથી ફોન બતાવીને કહું કે આ ફોનથી હું મારા રીમાબેન અને ઇલાબેનને

કહી વાત કરું છું. મારું રૂડીનું કામ સારી રીતે કરું છું. હું દરબાર બેન છું તો ય ગામમાં મુસલમાન ફળિયા ને હિન્દુ ફળિયા બધે ફરી ફરીને વેચાણ કરું છું. હું મારી રૂડી હિન્દુ, મુસલમનાન, દરબાર બધાંને ઘેર પહોંચાડું. સારું, ચોખ્ખુ અનાજ મળે, પોષણ સુધરે ને એકતા ય જળવાય. હું વિધવા બેન છું. મારો છોકરો અપંગ છે પણ, હવે મને જરા ય ચિંતા નથી કે અમારું કોણ ? અમારું શું થશે ? મારી 'રૂડી' એ જ મારી મૂડી થઇ ગઇ છે. હું મહિને લાખ રૂપિયાનું વેચુ ને એમાંથી રૂા. ૮,૦૦૦/-થી રૂા. ૧૦,૦૦૦/- કમાઉં ને શાંતિથી મારું ગુજરાન ચાલે છે.'

ધીરે-ધીરે સુરેન્દ્રનગરની સાથે-સાથે આણંદના પીજ ગામમાં પણ પ્રોસેસીંગ સેન્ટર શરું કર્યું. ગામે-ગામથી આવતું અનાજ-કઠોળ આ કેન્દ્રોમાં સાફ થાય, વજન થાય અને પેકેટ તૈયાર થાય. હાલ તો રાધનપુર, સાબરકાંઠામાં પણ પ્રોસેસીંગ સેન્ટર શરું થઇ ગયા છે.

રૂડીબહેનો ભલે ને ઓછું ભણેલાં હોય પણ, ગણતર તો ખરું ને. જ્યાં મુશ્કેલી આવે ત્યાં રસ્તા શોધવા જ માંડે. આ જુઓને રૂડીબહેનો ઘરે-ઘરે વેચાણ કરવા જાય તો આવવા-જવાનો ખર્ચ તો થાય અને સાથે-સાથે કઇ વસ્તુ વધારે લેવી કે કઇ વસ્તુઓ ઓછી લેવી એની ખબર પણ ના પડે. ઘણીવાર મગની દાળ બધાંને વધારે જોઇતી હોય તો એ ઓછી પડે તો કોઇ વાર મરચું ઓછું પડે. આનો પણ ઉકેલ રૂડીબહેનોએ શોધી નાંખ્યો. શરુઆત થઇ રૂડી સંદેશાવ્યવહારની. હાલ ૨૫૦૦ બહેનો રૂડી સંદેશાવ્યવહારનો લાભ લઇ રહ્યા છે અને જે બહેનો રૂા ૪,૦૦૦/-થી રૂા.૫,૦૦૦/ કમાતા હતા તે રૂડીબહેનોની આવક વધીને રૂા. ૧૨,૦૦૦/-થી રૂા. ૧૫,૦૦૦/- થઇ ગઇ છે.

હવે, તો રૂડીબહેનો જથ્થાબંધ ઑર્ડર મોબાઇલના મેસેજ દ્વારા નોંધાવી લે છે અને આ મોબાઇલની એપ્લિકેશનમાં સ્ટોક, ઑર્ડર, કિંમત, વેચાણનું સ્ટેટમેન્ટ પણ તૈયાર થઇ જાય છે. હાલ તો, ગામે-ગામ રૂડીનું ઉત્પાદન પહોંચી ગયું છે પરંતું, સાથે-સાથે મોટા શહેરોના શોપીંગ મૉલમાં પણ રૂડીની પ્રોડક્ટ વેચાઇ રહી છે. વળી, સીઝન પ્રમાણે રૂડીના સ્ટોલ પણ લાગે છે. રૂડી સંદેશાવ્યવહાર બેસ્ટ સર્વિસ માટે 'ગ્લોબલ મોબાઇલ' એવૉર્ડ મળ્યો તેમ જ 'એમબિલીયન' એવૉર્ડ ૨૦૧૪થી પણ પોંખાયા. નાનકડી પોટલીઓ બાંધીને ઘરે-ઘરે સીમાંત ખેડૂતોનું ઉત્પાદન કરતા ઉત્પાદનનું વેચાણ કરતા રૂડીબહેનોની મહેનત રંગ લાવી અને આજે તો ટચૂકડા મોબાઇલથી બહેનોનું ઓનલાઇન ખરીદ-વેચાણ શરું થઇ ગયું છે. જે ખેડૂબહેનોના ઘરમાં બે ટંક ખાવાના પણ સાંસા હતા તેમના ભાણાં ભરાય છે. આવકની સાથે-સાથે બચત પણ થાય છે.

૧૦ વર્ષની ઉજવણીના પ્રસંગે રીમાબેન બોલ્યા, 'રૂડી એટલે જ આપણી મૂડી' છે. બીજા બધાં પાસેથી આપણે વસ્તુ લઇને બીજાને સમૃધ્ધ કરીએ, એના બદલે આપણી જ બેનોને આપણાં જ સંગઠનને અને ખેડૂતોને આપણે જ સમૃધ્ધ કરીએ ને. દરેક રૂડીબેન પગભર થાય તેવા કામ કરીએ. તો જ આપણે આજના બજારમાં ટકી રહીશું. આજે ત્રણ મુદ્દા પર વાત કહેવાની છે. રૂડીને આપણે ઝડપથી આગળ લઇ જઇએ તેવા પ્રયત્નો કરીએ છીએ. આપણે સાંભળ્યું કે સાગવાડામાં પણ રૂડીનું કામ શરૂ થયું છે. હવે તો ઉત્તર પ્રદેશ, મેઘાલય અને બિહારમાં પણ કામ શરૂ કરવાનું છે. આ કોઇ એવી વસ્તુ નથી કે શોખથી ખરીદવાની હોય, આ તો દરેકે દરેક પરિવારની મૂળભૂત જરૂરિયાત છે. આના વગર તો આપણે ચાલે એવું જ નથી. આપણે કોઇ વેચાણ કરવા નથી જતા પણ આપણાં જ સભ્યો જે કઇ ઉત્પાદન કરે છે તે આપણે જ આપણાં ઘરમાં ના વાપરીએ તો આપણાં જેવી કમનસીબ વ્યક્તિ બીજી કોઇ ના કહેવાય ! આ તો આપણી સભ્ય બહેનોને પગભર કરવાની વાત છે. બજારમાં હરિફાઇ બહું વધી ગઇ છે. મોટી મોટી કંપનીઓને એવું લાગે છે કે હવે ગામડાં સમૃધ્ધ થઇ ગયાં છે, એટલે એ પણ આપણાં ગામડાઓમાં વેચવા આવે છે. એના સામે રૂડીબેનો પણ એક સક્ષમ વેપારીની જેમ કેવી રીતે ઊભા રહે તે પણ એક પડકાર છે, એટલે આપણે તેના માટે વિચાર્યું છે કે આપણે ઇ માર્કેટીંગ શરૂ કરીએ.

જેમ આપણાં રૂડીબેને કહ્યું તેમ કે ખિસ્સામાંથી ફોન કાઢયો ને પેલા ભાઇઓને લાગ્યું કે આ બેનની પહોંચ તો બહું લાબી લાગે છે. તેવી જ રીતે હવે રૂડીબેનો મોબાઇલ ફોન વડે જ સીધો ઓર્ડર નોંધાવશે ને તે મેસેજ આપણાં પ્રોસેસિંગ સેન્ટર સુધી પહોંચી જશે. ને જેનાથી આપણે વધારે ને વધારે ગામોમાં પહોંચી શકીશું. આ કામ આપણે આવતા ચાર-છ મહિનામાં શરૂ કરીશું. રૂડીના દસ વર્ષ થયા ને આપણે કરોડોએ પહોંચ્યા છે ને એ બધાને લાગતું હશે કે બહું વાર થઇ છે. તે લોકોને સમજાવવું પડે છે કે અમારી પાસે કાંઇ મશીન નથી કે એક સાથે ઘણાં પંખા કે ટયુબલાઇટો બની જાય, કે દૂધની થેલીઓના પેકિંગ તૈયાર થઇ જાય. એવું નથી અહીં તો બધું જ કામ આપણી જ બેનો કરે છે. ખેડૂત ઉગાડે ને તેને આપણે ચકાસીએ અને પેક કરીએ એ બધાની ગુણવત્તા જાણીએ તે કાઇ નાની વાત નથી. આપણી બધી બેનો જે છે તે ગામડે-ગામડે જઇને વેચાણ પણ કરે એમને આપણે એવું કહેવું છે કે આપણે કરોડે પહોંચ્યા છીએ. તે આવતા ચાર-પાંચ વર્ષમાં રૂડીને ૧૦૦ કરોડે લઇ જઇશું. મોટી મોટી કંપનીઓમાં તો બહું બધા ભણેલાગણેલા સી.ઇ.ઓ. થયેલા લોકો હશે. પણ આપણી આ કંપનીમાં તો આપણી જ રૂડી બેનો સી.ઇ.ઓ. છે.

રૂડીની દસ વર્ષની વર્ષગાંઠની ઉજવણી નિમિતે ઇલાબેને અભિનંદન પાઠવ્યા ને બોલ્યા, 'રૂડીના તો રૂડા વાના' હોય અને

એનું પરિણામ પણ રૂડું જ આવે. ને તમે તો બજારને ય રૂડું બનાવી દીધું છે. ખેતી એ સૌથી ઉત્તમ કામ છે. ને આપણે જ આપણું બજાર ઊભુ કર્યુ છે. અને તેની આસપાસ રૂડીબેનોનો અહિંસાત્મક ધક્કો હશે ને આપણે તો ગાંધી વિચાર પર ચાલીએ છીએ. આપણા કલ્યાણ માટે આપણે જાતે જ કાર્યશીલ રહેવું પડશે. આપણે જીવનમાં જે કાઇ પણ કરીએ છીએ તેને આપણાં ધ્યેય સાથે રાખીને કામ કરીએ તો જ આપણાં કામમાં આપણને સફળતા મળે. આપણે હવે 'ઇ' શબ્દ પર ધ્યાન રાખીને ચાલીશું ને કામ કરીશું. અને એટલાથી આપણે અટકી નથી જવાનું આપણે તો આગળને આગળ વધતુ રહેવાનું છે. જે મૂડી છે તેને આપણે ઘસાવા નથી દેવાની, તેને તો આપણે બધાંની થાળીમાં મૂકી પીરસીને ખાવાનું છે. બહારના દેશોમાં પહોંચ્યા છીએ. રૂડીનું કામ એટલું આગળ વધ્યું છે જેનાથી આપણી ખેડૂત બેનો દેવામાંથી બહાર આવી છે. ઘણી બેનો પોતે જ ગ્રાહક અને ઉત્પાદક બની છે. આપણે જ વધારે કમાઇને જાતે જ પગભર થઇએ એથી રૂડુ બીજું શું. રૂડીબેને કીધું કે પહેલા તો ઘરવાળા લાવી દેતા ને રાંધી ખાતા, ને અત્યારે તો પોતે જ લાવતા થયા છે, તે મોટો જેન્ડર બદલાવ કહેવાય. કૃષિ બજારની સવલત ખેડૂતોને મળે અને જાતે જ શુધ્ધ કરેલો માલ રૂડી માર્કેટમાં વેચે તેવા પ્રયત્નો કરીએ એ જ મારી આશા છે.

રૂડીબેનોને જ્યોતિબહેને અભિનંદન પાઠવ્યા. 'સેવા'નો જે ધ્યેય છે તે પૂર્ણ રોજગાર, રૂડી દ્વારા આપણી રોજગારીની ખાતરી થઇ ગઇ છે. આજે અહીં જાણ્યું કે એક કરોડથી પણ વધારે આપણી બહેનોને આવક થઇ છે. આપણે આપણાં મૂલ્યો જાળવીને કામ કરીએ છીએ. આપણી સંગઠન શક્તિને વેગ મળે છે. આવી જ રીતે આગળ વધતા રહીએ.

૧૦ વર્ષ પૂરા થયાં ને આપણે કરોડે પહોંચ્યા એ વાતની ખુશી વ્યક્ત કરતા મનાલીબહેનેકહ્યું કે, કોઇ પણ સંસ્થા હોય તો તેને શરૂઆતમાં અઘરું પડે, પછી ધીમે ધીમે આગળ વધે. કેટલી મહેનત અને શ્રમ કરીને આપણાં કામમાં આગળ વધ્યા છીએ. રૂડીની સાથે બહેનોનો શકિત વિકાસ પણ થાય છે.

આ ઉજવણી થઇ એ દિવસે પોંગલનો તહેવાર હતો. પોંગલ અને રૂડીનો મેળ એ સુયોગ્ય છે. અંતમાં ઉમાબહેને પોંગલ તહેવાર વિશે સમજ આપી. પોંગલ એ દક્ષિણ ભારતના લોકોનો તહેવાર છે. જેમાં ખેડૂતો વર્ષમાં એક વાર ધરતીમાતા, ગાય, ભેંસની પૂજા કરે છે. બધાં અનાજ ભેગા કરીને રાંધીને ખાય છે. અને આવી રીતે પોંગલનો તહેવાર ઉજવે છે. અંતે 'અમે પાર કરીશું' ગીત ગાઇને કાર્યક્રમ પૂરો થયો.

**- નયના (સુરેન્દ્રનગર), ગોમતી**

❑

# 'સેવા'ની કારોબારીને ઓળખીએ

**જ્યોત્સનાબેન દશરથભાઇ મકવાણા,**

**ધંધો - ખેત મજુર, પશુપાલન, ગાંધીનગર જિલ્લો**

હું 'સેવા' સાથે ૧૫ વર્ષથી જોડાયેલી છું. હું ગાંધીનગર જિલ્લાના પ્રાંતિયા ગામમાં રહું છું, અને સંગઠનનું કામ કરું છું. મારા માતા-પિતા ખેતીકામ કરે છે ને તેમની સાથે હું પણ ખેતીકામ કરું છું. નાનપણથી ખેતી અને પશુ સાથેનો અમારો નાતો રહ્યો છે. મારા બાપુજીને ખેતીનું કામ વધારે રહે તેમની સાથે રહીને હું પણ તેમના કામમાં વધારે ધ્યાન આપતી. મારા બાપુજીને મારા લગ્નની ચિંતા વધારે રહેતી ને તેમણે ૧૫ વર્ષની ઉંમરે મારા લગ્ન કરાવી દીધા. નાની ઉંમરે લગ્ન થયા ને નાની ઉંમરે જ બે બાળકો થયા. મારી ઉંમર તો નાની હતી ને બાળકો પણ સાચવવા બહું અઘરા પડતા. મારી મા મને બહુ સાચવતી ને મારા બાળકોને પણ સાચવતી. થોડો સમય સારી રીતે બધાં સાથે મજાથી જીવન જીવવા લાગ્યા. પણ કરમની કઠિનાઇ તો જૂઓ, જીવનમાં એવું દુઃખ આવ્યું કે મારો તો જાણે સંસાર જ વિખરાઇ ગ્યો. મારા પતિને થોડા દિવસ તાવ અને ઝાડા ઉલટી રહયાં ને તેમા મારા પતિ ગુજરી ગયા. સાસરીમાં હું સાવ નાની એટલે મારાં સાસુ સસરાને ય મારી ચિંતા બહું થાય. ને એમા ય હું ૨૨ વર્ષની ઉંમરે વિધવા થઇ ગઇ, ને સાસુ સસરાને એવું લાગતું કે ઘરમાં એક નાની વહુ ને સાચવવી પણ બહું અઘરું પડશે. તેથી મારા માતા-પિતા મને મારા પિયર લઇ ગયા ને ત્યાં હું અને મારા બે બાળકો તેમની સાથે રહેવા લાગ્યા. ધીરે ધીરે હું અહી થોડાં કામની સાથે બધું સંભાળતી ગઇ. ને થોડું ખેતીનું કામ અને અમારી ભેંસોને પણ સાચવવાનું કામ કરતી. હું બહું વધારે ભણેલી પણ નહોતી પણ જે થોડું ઘણું ભણી હતી તેના લીધે મારા બાળકોને પણ એકલે હાથે ભણાવીને આગળ લાવવાનો પ્રયત્ન કરું છું.

હું 'સેવા'માં સૌ પ્રથમ જોડાઇ ત્યારે અમારા ગામમાં વલાદના પૂનમબેન આવ્યા હતા, તેમના દ્વારા હું 'સેવા'માં જોડાઇ. અને સૌપ્રથમ મેં આરોગ્ય સેવા દ્વારા આરોગ્ય અને દાયણની તાલીમ લીધી. અને સેવા અકાદમી દ્વારા સભ્ય શિક્ષણ અને ચળવળની તાલીમ લીધી. ગ્રામહાટમાંથી મીની એમ.બી.એ.ની પણ તાલીમ લીધી છે. ત્યારબાદ સંચાલન ટીમ તરીકે કામ કર્યુ. અને હવે હું દહેગામ જિલ્લાના ગામડાઓમાં તાલીમ આપવનું કામ કરું છું. પણ, અમારા સમાજમાં તો મારાં માટે વાતો થવા માંડી. હું ગામડાંઓમાં તાલીમ આપવા જાઉં તો ઘણીવાર તો ઘરે આવતા બહું મોડુ થયા ને અડધી રાતે ઘરે પહોંચું તો ગામના

# ચોખા બજાર... ચોખા બજાર... ચોખા બજાર...
# ખુશખબર... ખુશખબર... ખુશખબર...

આવી રહ્યું છે તમારી માંગણી પૂરી કરવા માટે તમારાં જ આંગણે...

સંપૂર્ણ બહેનો દ્વારા સંચાલિત **'રૂડી'** લાવે છે તમારાં ઘર માટે બીજું ઘણું બધું...

''સીઝન પ્રમાણે ખરીદી બજાર, સારા ગ્રાહક
સારી વસ્તુ ખરીદવા રૂપિયા ખર્ચી નાંખે હજાર''

રૂડીમાં સીઝનલ કરિયાણું, અનાજ, કઠોળ, મસાલા ભરો
અને આકર્ષક સ્કીમનો લાભ ઉઠાવો

આપના માટે શુભ સમાચાર છે કે હવે રૂડીની શરુઆત શહેરી સંગઠનમાં પણ થઈ જ ગઈ છે... રૂડીના ઉત્પાદનો શહેરમાં લોકો સુધી પહોંચાડવા બદલ આપ સૌ સંગઠનની બહેનોનો ખૂબ – ખૂબ આભાર

નારી શક્તિની કાબેલિયત પ્રોત્સાહિત કરવાની અનેરી તક એટલે

**''રૂડી ચોખા બજાર''**

સાથે બીજા બધા ઉત્પાદનો તો ખરાં જ

**''આપણી રૂડી આપણી મૂડી''**
**''શ્રેષ્ઠતા અને શુધ્ધતાની કડી''**

**રૂડી મલ્ટી ટ્રેડીંગ કંપની લિમિટેડ**

૮, નવરંગ કોલોની, કાશ્મીર ચેમ્બર પાસે, નવરંગપુરા, અમદાવાદ

ફોન નં. : ૦૭૯-૨૬૫૭૪૮૮૦ ફેક્સ : ૦૭૯-૨૬૫૮૯૭૨૯

**ઈ-મેઈલ :** rudimtcl@gmail.com

લોકો તો એવું કહે કે, આ તો વિધવા છે તે એને કોઇ પૂછવાવાળું નથી એટલે ગમે ત્યાં રખડવા જતી હશે. કેટલીય વાર આવું કાને સાંભળ્યું ય છે ને અનુભવ્યું છે પણ 'સેવા'માં આવીને તો મારામાં એટલી બધી હિંમત આવી ગઇ હતી કે આ બધાના વિશે મેં વિચારવાનું જ છોડી દીધું. મેં બસ બેનો માટે જ કામ કરવામાં વધારે ધ્યાન આપ્યું. ખેતી વિશેની ઘણી તાલીમો લીધી છે ને એ જ હું ગામડામાં જઇને બેનોને હું જે શીખી છું તેવી રીતે શીખવવાના પ્રયત્નો કરું છું. ગામડામાં ખેડૂતો ખેતી તો કરતા જ હોય છે, પણ એમાં એમને જરૂરી માહિતી નથી હોતી જેવી કે ખેતીમાં વધુ પડતા યુરિયા ખાતરોનો ઉપયોગ કરતાં હોય છે. જેથી જમીનને નુકશાન થતું હોય છે. ને ઘણાં ખેડૂતો જરૂરથી વધારે ખેતરોમાં પાણી પાતા હોય છે. તેથી ખેતીમાં નુકશાનની સાથે સાથે પાક પણ ઓછો ઉતરતો હોય છે. અને ખર્ચા પણ વધારે થતાં હોય તેની માહિતી આપી ખેડૂત બેનોને સમજ આપી ને ખેતી માટેની જરૂરી માહિતી આપી અને ખેતી માટે વધારે અળસીયાનું ખાતર વાપરે જેનાથી ઉત્પાદન સારું થાય છે. અને ખેતી માટે ખાસ પાણીનો વપરાશ ઓછો થાય તેના માટે ઢાળીયા કરી માટીની પાળો કરીએ જેનાથી પાણી ઓછું વપરાય અને તેનાથી લાઇટ પણ ઓછી વપરાય છે. એટલે ગામડાઓમાં તાલીમો આપીને જાગૃતિ લાવવાનું કામ કરું છું. ગામડાઓમાં ખેતી માટેની કીટો મળતી હોય છે જેવી કે ખાતરની થેલી ૧૦ કિલો વાવેતર માટેનું બિયારણ અને છંટકાવ માટે દવાની બોટલ જે રૂા. ૪૦૦૦/-ની કીટ હોય છે. પણ એની ઘણાં બેનોને માહિતી નથી હોતી, તેવી બેનોને માહિતી આપી લાભ અપાવવાના કામ પણ કર્યા છે.

રૂડીના માર્કેટનું કામ પણ કરું છું. જેમાં ૧૦ હજાર જેટલું વેચાણ કરું છું. સત્ય અને ખાદી વિશે બેનોને ખાસ જણાવું તો હું જાતે પણ ખાદીને વિશેષ માનીને જ પહેરું છું. કારોબારીમાં હું પહેલીવાર ચૂંટાઇ છું જે આશા સાથે બહેનોએ મને ચૂંટી છે બનશે તેટલા પ્રયત્નો કરી કામ પૂરા કરવાની કોશિશ કરીશ.

**વર્ષાબેન જીતેન્દ્રકુમાર લેઉઆ,**

**ધંધો- ખેત મજુર, મહેસાણા જિલ્લો**

હું 'સેવા' સાથે ૧૬ વર્ષથી જોડાયેલી છું. હું સંગઠનના કામથી જોડાઇ હતી. મહેસાણા જિલ્લાના સત્રાલ, વરૂ, જાગરવા,ઈન્દ્રાલ અને ગુડાસર જેવા ગામોમાં જઇને સંગઠનનું અને રૂડીનું કામ કરું છું. હું 'સેવા'ની બીજી પેઢી છું. મારી મા વાલીબેન પણ 'સેવા' સંગઠનનું કામ કરે છે. ને તેમનાથી હું પણ 'સેવા'માં આવી. સંગઠનની સાથે સાથે ગામડાઓમાં બચત મંડળો પણ બનાવ્યા છે. ને બહેનોને બચત કરતા કર્યા છે. જેમા એક મંડળમાં ૧૦ બેનોનું એક જૂથ એવા ૫૦ મંડળો બનાવ્યા છે અને એ મંડળોને ૧ કરોડ ૪૦ લાખ રૂપિયાનું ધિરાણ અપાવ્યું છે. આવી જ રીતે ૩૫ બેનોના પેન્શનના ખાતા ખોલાવ્યા છે. અને બેનો લાખ રૂપિયા સુધીની લોન પણ મેળવતી થઇ છે.

'સેવા'માં ઘણી તાલીમો લીધી છે. જેમ કે સંગઠન, આરોગ્ય, ખેતી વિશેની પણ તાલીમો લીધી છે. જેમા બહેનોને ખેતી માટેની જમીન કેવી હોવી જોઇએ અને જમીનની ચકાસણી યોગ્ય સમયે કરાવવા માટે લેબોરેટરી વિશે પણ માહિતી આપવાનું કામ કરું છું. હું રૂડીની માસ્ટર ટ્રેનર છું અને રૂડીબહેનોને રૂડી સંદેશાવ્યવહારની તાલીમ આપું છું. જેમ કે રૂડીબેનો કેવી રીતે એસ. એમ.એસ.થી ઓર્ડર નોંધાવી શકે. અને તેમની આવકમાં પણ વધારો થાય. ને બહેનોને રોજગારી પણ વધારે મળે. જેનાથી વચેટીયા દલાલો વધારે દલાલી ન ખાય તે રીતે બેનોને જાગૃત કરવાનું કામ કરું છું. ૭૫ હજારનું વેચાણ પણ કરું છું. પશુપાલનની ટ્રેનિંગ પણ લીધી હતી. અને તે પણ ગામડાઓમાં જઇને બહેનોને તાલીમ આપુ છું. એમા વડુ ગામની વાત કરું તો એક બેનને મેં પશુપાલનની તાલીમ આપી હતી ને એ બેને જે ટ્રેનિંગ લીધી હતી તેવી રીતે તેમના પશુઓનું જતન કરવા લાગ્યા ને એમના પશુને સારી રીતે ખોરાક આપે, જેનાથી તેમના પશુપાલનથી દૂધમાં વધારો થયો, આવકમાં વધારો થયો. આ સાથે હું હરિયાળી અને સોલારબત્તીનું પણ કામ કરું છું. હું સંગઠનનું કામ કરું છું ને વધુ ને વધુ સંગઠન મજબૂત થાય તેવા પ્રયત્નો કરું છું.

'સેવા'ના મૂલ્યોને સાથે રાખીને ચાલીએ છીએ અને ગામડાંઓમાં કામ કરતા તે સાદગી અને સત્યની સાથે જ કામ કરીએ છીએ. સભ્યોને પણ 'સેવા'નો સંદેશ આપતા જ કામ આગળ કરતા રહીએ.

**(બાકીનું આવતા અંકે...)**

**(કારોબારીની બહેનોની સાથેની વાતચીતના અંશો) - ગોમતી**

❑

## કેમ છો ? સારું છે...

## સ્વાઇન ફ્લયુથી કેવી રીતે બચીએ ?

છેલ્લાં ૨-૩ મહિનાથી રોજ અખબારમાં સ્વાઇન ફ્લયુના સમાચાર વાંચીએ છીએ, સાંભળીએ છીએ અને ડરી જવાય છે. આના માટે આપણી પાસે સાચી જાણકારી હોવી જરૂરી છે.

શિયાળા, ચોમાસામાં તથા ઋતુઓના બદલાવ સમયે ઘણાં લોકોને શરદી-ખાંસી થતા હોય છે જેને ફલયુ કહે છે અને આ ફલયુ જુદી જુદી જાતના ઘણાં કીટાણું કે વાયરસને કારણે થાય છે. આમાંનો એક વાયરસ જે હ૧ન૧ છે, તેનાથી થતો ફલયુ સ્વાઈન ફલયુ તરીકે ઓળખાય છે. ટૂંકમાં સ્વાઈન ફલયુ કંઈ નહીં પણ એક જાતની શરદી-સળેખમ જ છે અને તે કોઈને પણ થઈ શકે છે તથા કોઈ પણ જાતની દવા વગર પણ પાંચથી પંદર દિવસમાં મટી પણ જાય છે. પરંતું જો કોઈ કારણસર વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ ઓછી થઈ ગઈ હોય અને આ શરદી આગળ વધીને ફેફસામાં ન્યુમોનિયા કરે તો જોખમકારક અને જીવલેણ નીવડે છે. જેમાં નાના બાળકો, મોટી વયના લોકો, સગર્ભા સ્ત્રીઓ તથા શરીરમાં બીજી માંદગી ધરાવતા તથા અમુક દવાઓ જેવી કે સ્ટરોઈડ કે કેન્સરની દવાઓ લેતા વ્યક્તિઓએ ખાસ કરીને સ્વાઈન ફલયુના લક્ષણ જણાય તો તરત જ હૉસ્પિટલમાં જઈ તે માટેનો ટેસ્ટ કરાવી ડૉક્ટરની સલાહ મુજબ દવાઓ લેવી જોઈએ. બાકી સામાન્ય વ્યક્તિએ ગભરાઈ જઈ દવા કે વેક્સિન માટે દોડાદોડ કરવાની જરૂર નથી.

**સ્વાઈન ફલયુના લક્ષણો :** છીંકો આવવી, ગળામાં દુઃખાવો, સૂકી ખાંસી સામાન્ય રીતે ૪થી ૫ દિવસમાં મટી જાય છે. કોઈ સામાન્ય તાવ આવે, શરીર દુઃખે કે ઝાડા-ઉલ્ટી થવા જેવા લક્ષણો પણ જોવા મળે છે.

જો આ ચિહ્નો ચાર-પાંચ દિવસમાં ઓછા થવાને બદલે વધતા જાય અને ભારે તાવ આવે, છાતીમાં દુઃખાવો થાય, કફવાળી ખાંસી સાથે શ્વાસ લેવામાં તકલીફ જણાય તો તે રોગની ગંભીરતાના લક્ષણો છે અને તાત્કાલિક સારવારની જરૂરિયાત સૂચવે છે.

**સ્વાઈન ફલયુથી કેવી રીતે બચવું ? :** આ રોગના કીટાણું રોગીની છીંક કે ઉધરસથી હવામાં ફેલાય છે અને હવામાંથી શ્વાસ મારફતે તંદુરસ્ત માણસના ગળા તથા નાકમાં પ્રવેશી ત્યાં જમા થઈ વૃધ્ધિ પામે છે તેથી જેને પણ શરદી કે ઉધરસ થયા હોય તેણે ભીડવાળી જગ્યાએ જવાનું ટાળવું જોઈએ, છીંક-ખાંસી આવે ત્યારે રૂમાલ નાક-મોઢા આડો રાખવો અથવા માસ્ક પહેરવો જોઈએ.

આપણે પણ રોગથી બચવા માટે ભીડભાડવાળી જગ્યાએ જવાનું ટાળો, હૉસ્પિટલ, લેબોરેટરી તથા બીજી ભીડવાળી જગ્યાઓએ જવાનું થાય તો મોઢે તથા નાકે માસ્ક અથવા સાદો રૂમાલ બાંધી રાખો.

દિવસ દરમિયાન પુષ્કળ પાણી પીવો, ખોરાકમાં ફણગાવેલા તથા આખા કઠોળ, લીંબુ, આંબળા તથા ખાટાં ફળોનો ઉપયોગ વધારે કરો.

વારંવાર ચોખ્ખા, નળના પાણીથી હાથ ધોયા કરો. હાથથી ખાવા સિવાયના સમયે મોં કે નાકને અડવાનું ટાળો.

દિવસમાં બે કે ત્રણ કે વધારે વખત ગરમ પાણીમાં મીઠું નાંખીને કે નાંખ્યા વગર પણ કોગળા કરો જેથી ગળા આગળ જમા થયેલ વાયરલ કોગળાના પાણી સાથે બહાર ધકેલાઈ જાય.

દિવસમાં બે વાર ગરમ પાણીની વરાળનો શેક - નાસ લો કે નાક વાટે જમા થતા વાયરસનો નાશ કરે છે.

**સ્વાઈન ફલયુ મટી શકે છે ? :** સામાન્ય લક્ષણોવાળો સ્વાઈન ફલયુ ચોક્કસ મટી જાય છે. આવા સામાન્ય લક્ષણોવાળી દરેક વ્યક્તિ એ સ્વાઈન ફલયુની દવા લેવી તે જરૂરી નથી. ફક્ત સામાન્ય શરદી-ખાંસીની દવા રાહત માટે લઈ શકાય. સ્વાઈન ફલયુથી થયેલ ન્યુમોનિયા પણ તાત્કાલિક યોગ્ય સારવારથી મટી શકે છે. આ સારવાર કોઈપણ સરકારી કે અર્ધસરકારી હૉસ્પિટલમાં વિનામૂલ્યે પ્રાપ્ત થઈ શકે છે અને સમયસર મેળવેલ સારવારથી ચોક્કસ રોગ મટી જાય છે.

એટલે સ્વાઈન ફલયુ ન થાય તેની તકેદારી રાખીએ પણ તેના હાઉથી ગભરાઈ ના જઈએ.

**- ડૉ. ગીતાબેન દેસાઈ**

અને જૂઓને આ રહ્યા હાથવગા ઉપાય અને એના માટે કોઈ પણ દવા લેવાની નથી કે કોઈ ખર્ચો કરવાનો નથી.

**સવારે ખુલ્લી હવામાં**

૧. નાકેથી પૂરો શ્વાસ લો અને મ્હોંએથી પાંચ વાર ફૂંક મારો.

૨. **કપાલભાતિ કરો** - નાકેથી પૂરો શ્વાસ ભરો અને છોડો. આ પ્રક્રિયા ૧૦ વાર કરો.

૩. **સૂર્યભેદન :** જેમાં જમણાં નાકેથી શ્વાસ ભરો, થોડી ક સેકન્ડ રોકી રાખો અને ડાબા નાકેથી શ્વાસ બહાર છોડો

૪. બહારથી ઘરમાં આવો ત્યારે સૌપ્રથમ પહેલાં મોઢું ધૂઓ, હથેળીમાં પાણી લઈને - ડોકી ઉંચી કરી નાકમાં પાણી ભરી ને શ્વાસ છોડી ને બહાર કાઢો. આ પ્રક્રિયા બે વાર કરો.

૫. ગરમ પાણીમાં મીઠું નાંખીને કોગળા કરો, ગરમ દૂધમાં હળદર અને ટપકું ઘી નાંખીને પીઓ.

૬. ઊધરસ આવે, ગળું પકડાઈ જાય તો ખદીરાવટી લો.

આટલું કરશો તો સ્વાસ્થ્ય સારું રહેશે અને સ્વાઈન ફલયુથી પણ બચી શકાશે.

**- આયુર્વેદાચારી શ્રી. ગજાનનભાઈની સલાહ મુજબ**

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2015-17
Issued by S.S.P. Valid up to 31-12-2017.

Ahmedabad P.S.O.
06-03-2015

# રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય ગારમેન્ટ કામદારોના સમાચાર

**તુર્કી :** તુર્કી સ્થિત ટેક્સટાઇલ સ્ટુડિયોમાં આગ લાગતા બે કામદારોના મૃત્યુ થયા છે તેમ જ પાંચ કામદારો ઘાયલ થયા છે.

**ભારત :** મહારાષ્ટ્ર રાજ્યમાં ટેક્સટાઇલ મિલ શરું કરવા માટે નવું કમાડ ઉઘડ્યું છે, જેમાં ૨૦થી ૪૦ ટકા સબસીડી પણ ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પ્રકારની છૂટથી ગારમેન્ટના ધંધામાં નવી ક્રાંતિ આવશે. આ નવા અભિયાનથી મહારાષ્ટ્ર રાજ્ય ટેક્સટાઇલ માટેનું નવું હબ પણ બની શકે છે.

તામિલનાડુમાં ટેક્સટાઇલના ૧૦૦૦ જેટલાં કામદારો તેમના નવ મુદ્દાઓ માટે દેખાવ કર્યા હતા, અને આંદીપટ્ટીથી મરુયાન થિયેટર સુધી રેલી કાઢી હતી. તેમના મુદ્દાઓમાં મુખ્ય મુદ્દો કામના સ્થળે પ્રાથમિક સગવડો અને સુવિધા પર ભાર મૂકવામાં આવ્યો છે.

**કેન્યા :** ટેક્સટાઇલના ૭,૦૦૦ કામદારો તેમની ૭ દિવસની હડતાલ સમેટીને ફરી કામ પર ચડ્યા છે. ૧૨૦ ટેક્સટાઇલના કામદારોને બેદખલ કરી તેમને સતત ધાકધમકી આપવાના વિરોધમાં આ હડતાલ કરવામાં આવી હતી.

**ઈજીપ્ત :** ઈજીપ્ત સરકારે મહાલ્લાના ટેક્સટાઇલના કામદારોના વેતનમાં થતાં વિલંબ પર કાર્યવાહી કરી છે અને હવે તેમનું વેતન સમયસર થશે તેનું વચન પણ આપ્યું છે.

**બાંગ્લાદેશ :** જર્મન નૃત્યકાર અને રંગમંચ દિગ્દર્શક હેલેના વાર્લ્ડમન્ન બાંગ્લાદેશના ટેક્સટાઇલના કામદારોના થતાં શોષણને વાચા આપતું 'મેડ ઈન બાંગ્લાદેશ' નામનું નૃત્ય તૈયાર કર્યું છે. આ નૃત્યના પ્રદર્શનથી બાંગ્લાદેશના ટેક્સટાઇલ કામદારો સાથે કામમાં થતા શોષણને વાચા મળશે.

**અનસૂયા**

- ૩૪માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલાવિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત, અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા હવેથી વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે 'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Sent Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, sewaacdy@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **06-03-2015**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001